# પ્રાંતિજમાં બેફામ ગતિએ દોડતી કારે લોકોના જીવ ઉંચા કર્યા

પ્રાંતિજ,તા. ૧૧

પ્રાંતિજમાં આજે એક સફારી કારના ચાલકે બેફામ ગતિએ ભરબજારમાં કાર હંકારતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સદ્નસીબે આ ઘટનામાં રેતીના ઢગલામાં કાર ફસાઈ જવાને કારણે મોટી જાનહાનિ ટળી હતી અને લોકોએ રાહતનો દમ લીધો હતો. હિન્દી ફિલ્મનું જાણે શુટીંગ ચાલી રહ્યું હોય તેવું દશ્ય આજે પ્રાંતિજના બજારમાં સર્જાયું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના એક કાર ચાલકે તેની ટાટા સફારી કાર નં. જીજે-૧૮-એએચ-૨૫૨૮ ને એપ્રોચ રોડ પરથી એકદમ ફુલસ્પીડે હંકારી પસાર થતા લોકો અચંબામાં પડી ગયા હતા અને રાહદારીઓ ભયભીત થઈ ગયા હતા. તેજ ગતિએ દોડતી કારને જોઈને ઘણાના જીવ તાળવે ચોંટી ગયા હતા.

પરંતુ કારચાલક કારનો ભાંખરીયા તળાવ તરફ લઈ ગયો હતો જ્યાં રેતીના મોટા ઢગલા આડે આવતા કાર તેમાં ફસાઈ જવા પામી હતી અને લોકોએ રાહતનો દમ લીધો હતો. ઘણા લોકોને તો કારચાલક કાર સાથે તળાવમાં આપઘાત કરવા જઈ રહ્યો છે તેવો પણ ભાસ થયો હતો. જેથી લોકોનું ટોળુ કાર પાસે ધસી ગયું હતું. લોકોના ટોળાને જોઈ કારચાલક કાર ત્યાં મુકીને ભાગી ગયો હતો. જો કે આ બનાવની બપોર સુધીનો પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી. સદ્ભાગ્યે આ ઘટના સમયે શાળાઓનો સમય નહોતો નહી તો અનેક બાળકોની જીંદગી મુશ્કેલીમાં મુકાઈ જાત તેવી ચર્ચાઓ લોકજીભે ચાલી હતી.



દાંતીવાડા તાલુકા મથકમાં કેન્દ્ર સરકાર દ્વારા બનાવાયેલી શાળા વિવાદોમાં ઘેરાવાના કારણે બંધ હાલતમાં પડી રહી હતી. હાલ આ શાળા રખડતી વિચરતી ગાયો માટેની ગૌશાળા સમાન બની જવા પામી છે. અગાઉની કેન્દ્ર સરકાર દ્વારા દાંતીવાડા ખાતે એક મોર્ડન શાળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ શાળા સરકારી ચોપડે તો ચાલુ થઈ ગઈ હતી અને તેમાં બાળકો ભણવા પણ આવ્યા તેવું દર્શાવાયું પરંતુ હકીકત કંઈક ઓર જ હતી. બાળકોના શિક્ષણના નામે વિદ્યાનું અપમાન કરવામાં આવ્યું અને આ શાળા ચાલુ જ ના થઈ. તંત્રની બેદરકારી અને શાળાના બાંધકામની નીચી ગુણવત્તા હેઠળ હાલતો આ શાળા દાંતીવાડાની રખડતી ગાયો માટે વિરામનું સ્થળ બની જવા પામી છે. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

## દિવા તળે અંધારૂ

# મોડાસાની તાલુકા પંચાયત શૌચાલય વિહોણી

## મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનના દેખાડા માત્રથી સરકારે સંતોષ માન્યો

મોડાસા, તા. ૧૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૯ માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છ ભારતની ભેટ આપવાનું સ્વપ્ન સેવ્યું છે. તેઓના સ્વપ્નને ગુજરાત સરકારે માથે ઉપાડી લીધુ અને સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી પણ કરી નાંખી. અધિકારીઓ અને પદાધિકારીઓએ કહેવાતી સફાઈ કરી ફોટા પડાવ્યા અને પ્રચાર કર્યો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઘેર ઘેર શૌચાલય બનાવવાની પ્રતિજ્ઞા લીધી અને તેઓની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા અધિકારીઓને ધંધે પણ લગાડ્યા. દરેક ગામના દરેક ઘરમાં શૌચાલય બનાવવા તાલુકા વિકાસ અધિકારીઓને રજાના ભોગે કામ કરવા સૂચના આપવામાં આવી, પરંતુ વાત જ્યારે દિવા તળે અંધારાની છે. જે કચેરીના માથે ગામડાના દરેક ઘરમાં શૌચાલય બનાવવાની જવાબદારી છે તેવી જ તાલુકા પંચાયત જ શૌચાલય વિહોણી છે. વાત છે મોડાસા તાલુકાની તાલુકા પંચાયત કચેરીની.

તાલુકા પંચાયત કચેરી મોડાસા વર્ષોથી શૌચાલય વગરની છે. ત્યાં આવતા અરજદારોને તો ઠીક પરંતુ ત્યાં કામ કરતાં કર્મચારીઓ પણ વર્ષોથી શૌચાલય વિહોણા છે. હવે જે લોકો પોતે શૌચાલય વિહોણા છે તેમની પાસેથી ઘરે ઘરે શૌચાલય બનાવવાની આશા શી રીતે રાખવી ?



મહિલા કર્મચારીઓ/ અરજદારોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. મહિલા શસક્તિકરણની વાતો કરતા આપણા મુખ્યમંત્રીને જરા મોડાસા તાલુકાની પરિસ્થિતિથી વાકેફ કરાવવામાં અધિકારીઓ ઉણા ઉતર્યા હોય તેમ લાગી રહ્યું છે.

## ખાનગી વાહન ચાલકોને કારણ વગર હેરાન કરતી

# ટ્રાફિક પોલીસનો સાંસદે ઉધડો લીધો

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નેશનલ હાઈવે નં. ૮ પરના ત્રણ રસ્તા પાસે વહેલી સવારે ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને ખોટી રીતે હેરાન કરવામાં આવતા હોવાની ફરિયાદના આધારે સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ દીપસિંહ રાઠોડે જાતે જઈને ટ્રાફિક પોલીસનો બરાબર ઉધડો લીધો હતો.

ઘણા સમયથી હાઈવે પરના ત્રણ રસ્તા પર રોજ સવારમાં ટ્રાફિક પોલીસ દ્વારા રોજીંદા વાહન ચાલકોને બિનજરુરી રીતે કનડગત થાય તે રીતે હેરાન કરવામાં આવે છે તેવી જનતામાં ફરિયાદ ઉઠવા પામી હતી આજે સવારે સાંસદ દીપસિંહ રાઠોડ આ બાબતની જાત તપાસ કરવા આવી પહોંચ્યા હતા અને હકીકતની ખાત્રી થતાં તેમણે ટ્રાફિક પોલીસનો રીતસરનો ઉધડો લઈ જનતાને ખોટી રીતે હેરાન કરીને સરકારને બદનામ ન કરવા સૂચના આપી હતી. સાંસદના આ લોકહિતના પગલાંને હાજર વાહન ચાલકો અને અન્ય જનતાએ વધાવી લીધું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થળે અનેક પેસેન્જર ગાડીઓ ઓવરલોડ કરાય છે અને ઘેટાં બકરાની જેમ મુસાફરો ભરીને જતી આ પેસેન્જર ગાડીઓના હપ્તાની લ્હાયમાં ટ્રાફિક પોલીસ દ્વારા પાવતી ફાડવામાં આવતી નથી. એક તરફ આ ગાડીઓનો મેમો કે ચલણ ફાટતા નથી અને જો કોઈ ખાનગી વાહન કે ફેમિલી સાથેના મુસાફરો લઈને પસાર થતા વાહનોને યેનકેન પ્રકારે હેરાન કરવામાં આવે છે. આ મતલબની ઘણી રજૂઆતો સાંસદ સમક્ષ જનતા દ્વારા કરવામાં આવી હતી જેના પ્રત્યાઘાત રૂપે સાંસદ દીપસિંહ રાઠોડે જાત તપાસ કરી ટ્રાફિક પોલીસને આવું ન કરવા જણાવ્યું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મોડાસા તાલુકાની ૪૬મી યુવા સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલ મદની હાઈસ્કૂલમાં ૪૬મી યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૧૪ યોજાઈ હતી. જેમાં મોડાસા તાલુકાના યુવા કલાકારોને પ્રોત્સાહિત કરવા સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર, ગઝલ-સાયરી જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

મોડાસાના ડુગરવાડા રોડ ઉપર આવેલ ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચાલતી મદની હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ કે જેમાં ૪૬મી યુવા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ઉદ્ઘાટક તરીકે મુસ્લીમ ટ્રસ્ટના પ્રમુખ સબ્બેર હુસેન ખાનજી ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે નિમંત્રક મહેમાનોમાં મોડાસાના મામલતદાર વિશાલ સકસેના, અશોક રાવલ, એમ.આઈ. જોશી, પી.એસ. પંચાલ, સુલતાન મલેક, સલીમ ખોખર જેવા હતા. ત્યારે અતિથિ વિશેષમાં દાતાઓ યુસુફભાઈ ટાળા, ઈકબાલ હુસેન ટાળા, મ. સફી કોકરોલિયા, ઈકબાલ હુસેન કોકરોલિયા અને સલીમ સિંધી જેવા ઉપસ્થિત રહી આ કાર્યક્રમની શોભા વધારી હતી. ત્યારે આ કાર્યક્રમમાં લોકનૃત્ય, લોકગીત, લગ્નગીત, એતપાત્રીય અભિનય, લોકવાક સંગીત, દુહા-છંદ, ચોપાઈ, ચિત્ર, નિબંધ, ગઝલ-શાયરી જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. ત્યારે શાળાનો સ્ટાફગણ તથા ટ્રસ્ટીગણે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મોટી જહેમત ઉઠાવી હતી.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયમાં ભિલોડા તાલુકાનો ૪૭મો યુવા પ્રાકટ્યદિનનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે હસમુખભાઈ મડીયા જોઈન્ટ ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગાંધીનગર, નીલાબેન મડીયા પુર્વ ચેરમેન શિક્ષણ સમિતી સાબરકાંઠા જીલ્લા પંચાયત, અશોકભાઈ રાવલ જીલ્લા રમત-ગમત અધીકારી, એ.કે.જોષી ભિલોડા મામલતદાર, મનોજભાઈ પટેલ ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ, કાંતીલાલ પટેલ ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ, હર્ષદભાઈ ઉપાધ્યાય જન સેવા સંઘ પ્રમુખ, કમલેશભાઈ મહેતા, મુકેશભાઈ ત્રિવેદી, વી.ટી.ચૌહાણ, રઘજીભાઈ પટેલ, રામઅવતાર શર્મા સહિત સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા એન.આર.એ.વિદ્યાલયના પટ્ટાંગણમાં દિપ પ્રાકટ્ય કરી ઉદ્ઘાટન કરાયું હતું. ભિલોડા તાલુકાનો ૪૭મો યુવા પ્રાકટ્ય દિન અને યુવક મહોત્સવ દિન નિમિત્તે એન.આર.એ.વિદ્યાલયના ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને તિથિ ભોજન જન સેવા સંઘ મંડળ અને દાતાઓ ધ્વારા આપવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.યુવાધન અને વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો અવસર એટલે યુવા પ્રાકટ્ય દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે.

# પ્રાંતિજમાં વિજ કંપનીના અંધેર વહીવટે ખેડૂતોનું ભાવિ અંધકારમય

## દેવું કરીને બોર કરાવ્યા છતાં એક વર્ષથી વિજ કનેક્શનથી વંચિત રખાતા ખેડૂતોની હાલત કફોડી : ખરી સીઝન તો ફેલ થઈ પરંતુ સત્વરે નિવેડો નહી આવે તો રવી પાક પણ નિષ્ફળ જવાની ભીતિ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને વિજ કનેક્શન ના મળતા દેવુ કરીને બોરકુવા બનાવવા છતાં કફોડી પરિસ્થિતિનો સામનો કરવાનો વારો આવ્યો છે. આ વિજ કનેક્શનના અભાવે ખેડૂતોની ચોમાસુ સીઝનનો ફેલ થઈ ગઈ છે, પરંતુ રવી સીઝનના પાકની નિષ્ફળતાનો ખતરો પણ મંડાઈ રહ્યો છે.

પ્રાંતિજ તેમજ તાલુકાના વિસ્તારોમાં સરકાર દ્વારા ઝડપથી વિજ કનેક્શન આપવાના હેતુથી વર્ષ-૨૦૦૨ થી ૨૦૧૨ સુધીમાં કુલ ૧૨૪૦ ખેડૂતોએ વિજ કનેક્શન મેળવવા અરજી કરી હતી. આ અરજીઓમાંથી ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા ૫૪૪ ખેડૂતોના જ વિજ કનેક્શન મંજૂર કરવામાં આવ્યા હતા. જેમને માત્ર ૬૦ દિવસમાં બોર તૈયાર કરવાનો તેમજ વિજ કનેક્શન માટેના એસ્ટીમેટના નાણાં ભરવાની લેખિત જાણ કરાઈ હતી. આમ તાલુકામાં એક સાથે આટલી મોટી સંખ્યામાં બોર બનાવવા બોરીંગો ના મળતા ૪૦૮ કનેક્શનને આ ૬૦ દિવસની મહોલત અપાઈ હતી. જ્યારે બાકીના ૨૩૯ કેસોને પેન્ડિંગ રાખવામાં આવ્યા હતા.

જે કિસાનોને ૬૦ દિવસની સમયમર્યાદા અપાઈ હતી. તેમણે તાત્કાલિક વ્યાજે અથવા અન્ય રીતે પૈસાની વ્યવસ્થા કરીને બોરકુવા બનાવડાવ્યા હતા અને વિજકંપનીના એસ્ટીમેટ મુજબ નાણા પણ ભરી દીધા હતા. આ પ્રક્રિયાને લગભગ એક વર્ષ જેટલો સમય વીતવા છતાં આ ખેડૂતોને ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા વિજ કનેક્શન આપવામાં આવ્યા નથી. જેના કારણે તેમની ખરી સીઝન ફેઈલ થઈ ગઈ છે. આ કારણે આ ખેડૂતોની દિવાળી પણ બગડવા પામી છે અને હજુ રવી સીઝન પણ નિષ્ફળ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પોતાના પેટે પાટા બાંધીને વ્યાજે લાવેલા ઉછીના પૈસાથી બોર કરાવનાર ખેડૂતો દિવસ ને દિવસે વધુ ને વધુ દેવાના ડુંગર તળે દબાતા જાય છે. પરંતુ વિજ કંપનીના સભાવાળાઓનું પેટનું પાણી પણ હાલતુ નથી. જો કે સામે પક્ષે વિજ કંપનીના એન્જિનીયર ઉપાધ્યક્ષ સાહેબને આ બાબતે પૂછપરછ કરતા તેમણે સરકાર દ્વારા આ વિજ કનેક્શનો આપવા માટે પુરતુ મટીરીયલ્સ તેમજ ૧૦ ની ડીપીઓ અને વાયરો વગેરે આપવામાં ના આવ્યા હોવાથી અમે ખેડૂતોને ન્યાય આપી શકતા નથી તેવી લાચારી વ્યક્ત કરીહતી. આગળથી જ માલસામાન આવતો ન હોવાથી વિજ કંપનીના અધિકારીઓ કશુ કરી શકતા નથી તેવો તેમણે ખુલાસો કર્યો હતો. જો કે સરકાર અને વિજ કંપનીના આ અધ્ધરતાલ જવાબોમાં ખેડૂતોનું ભાવિ અંધકારમય બની રહ્યું છે. તેથી ભારતીય કિસાનસંઘે પણ આ મામલે ઝડપથી નિવેડો લાવવા ચિમકી ઉચ્ચારી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસામાં હીંચકા પરથી પટકાતા વૃધ્ધનું મોત

ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં હીંચકા પરથી પડી જતાં એક વૃધ્ધનું સારવાર દરમ્યાન મોત થયું હતું. રેલ્વે સ્ટેશન વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા કુંદનલાલ લોધા સવારે ચા-પાણી કરી હીંચકા પર બેઠા હતા. ત્યારે તેમને ચક્કર આવતા ભોય પર પટકાયા હતા આથી માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ડીસાની ભણશાળી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા જો કે સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦